EDII

**Sandesh (City Life)**

**18 April, 2021**
**Page No.07**

City Campus

એઆઇસીટીઇ દ્વારા EDIIનું સન્માન

# EDIIને મહિલા સશક્તિકરણ માટે AICTE લિલાવતી એવોર્ડ્ઝ મળ્યો

**સિટી લાઈફ** ▸▸ મહિલા સશક્તિકરણ પર એઆઈસીટીઈ લિલાવતી એવોર્ડ્ઝના વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં આંત્રપ્રિન્યોરશિપ ઈન્સ્ટિટ્યૂટ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. EDIIને મહિલા સશક્તિકરણ માટે AICTE લિલાવતી એવોર્ડ્ઝ ૨૦૨૦ મળ્યો છે.એઆઈસીટીઈ દ્વારા શરૂ થયેલી સ્પર્ધા કુલ ૪૫૬ ટીમોએ ભાગ લીધો હતો જેમાં ઈડીઆઈઆઈને મહિલા ઉદ્યોગસાહસિકતાની પેટા કેટેગરી માટે પ્રથમ રનર અપ જાહેર કરવામાં આવી છે. કેન્દ્રિય શિક્ષણમંત્રી રમેશ પોખરિયાલ અને એઆઈસીટીઈના ચેરમેન અનિલ સહસ્ત્રબુદ્ધેના હસ્તે દિલ્હી ખાતે ઈડીઆઈઆઈને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું કે, 'ઈડીઆઈઆઈમાં અમારા બધા માટે આ ગર્વની ક્ષણ છે. અમે કારકિર્દીના વ્યવહારિક વિકલ્પ તરીકે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા કામ કરીએ છીએ અને ૩૫ વર્ષથી વધારે સમયથી આ ક્ષેત્રમાં શૈક્ષણિક શિસ્ત લાવી છે. આર્થિક વિકાસ અને મહિલા સશક્તિકરણના માધ્યમ તરીકે ઉદ્યોગસાહસિકતાની માનસિકતા મજબૂત થતા જોવાની ખુશી છે. અમારા કેટલાંક લક્ષિત અભ્યાસક્રમ અને પ્રોજેક્ટ્સ મારફતે અમે ગ્રામીણ વિસ્તારોમાં પણ મહિલા ઉદ્યોગસાહસિકોને તાલીમ અને માર્ગદર્શન આપીએ છીએ. અમારા હાલના ઘણા વિદ્યાર્થીઓ અને સ્ટાર્ટ-અપ ઈન્ક્યૂબેટ મહિલાઓ છે, જેઓ તેમના સંબંધિત ઉદ્યોગસાહસોમાં વ્યવહારિકતા પ્રદર્શિત કરે છે.'



### આ વર્ષે એવોર્ડની થીમ મહિલા શક્તિકરણ રાખવામાં આવી હતી

લિલાવતી એવોર્ડ્ઝ એઆઇસીટીઈનું નવીન પહેલ છે. જેનો ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસમાં કન્યાઓને પ્રોત્સાહન આપવાનો છે. ચાલુ વર્ષે લિલાવતી એવોર્ડની થીમ મહિલા સશક્તિકરણ રાખવામાં આવી હતી. જેની ૬ પેટા થીમ પર રાખવામાં આવી હતી.જેમાં મહિલાઓનું આરોગ્ય, સ્વરક્ષણ, સાફસફાઇ અને સ્વચ્છતા, સાક્ષરતા, મહિલા ઉદ્યોગસાહસિક્તા અને કાયદેસર જાગૃતિ હતી. શરૂઆતની એન્ટ્રીઓનું વિશ્લેષણ કર્યા પછી દરેક પેટા થીમ હેઠળ ટોચની ૧૦ એન્ટ્રીઓને રજૂઆત માટે બોલાવવામાં આવી હતી અને પછી દરેક કેટેગરીમાં ત્રણ વિજેતાઓની પસંદગી થઈ હતી.